પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૦૧ | ૨૦ જુન, ૨૦૧૮, બુધવાર; નિજ. જેઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભાજપે છેડો ફાડતા મહેબુબાનું રાજીનામું

## છેલ્લા ત્રણ વર્ષથી ચાલતા પીડીપી-ભાજપ ગઠબંધનનો અંત : ત્રાસવાદી હુમલાઓ અને પથ્થરબાજીની ઘટનામાં વધારો થયા બાદ આખરે ભાજપે છેડો ફાડ્યો : સરકાર સાથે કામ કરવું ખુબ મુશ્કેલ બન્યું હતું : માધવ

### મુફ્તી તમામ જવાબદારી અદા કરવામાં નિષ્ફળ રહ્યા : માધવ

**મોદી અને અમિત શાહની સંમતિ બાદ નિર્ણય : હિંસાને કાબૂમાં લેવા મહેબુબા પુરતા પગલાઓ લઇ રહ્યા ન હતા**



શ્રીનગર, તા. ૧૯

જમ્મુ કાશ્મીર સરકારને રાજ્યની સ્થિતિને સુધારવા અને વિકાસની કામગીરીને હાથ ધરવા માટે ૮૦ કરોડ રૂપિયાનું વિકાસ પેકેજ આપવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર હંમેશા જમ્મુ કાશ્મીર સરકારને મદદ કરી રહી હતી. જમ્મુ કાશ્મીરમાં ફ્રીડમ ઓફ સ્પીચ ખતરામાં હોવાની પણ વાત કરવામાં આવી હતી. ભાજપનું કહેવું છે કે, ત્યાં પત્રકાર સુજાત બુખારીની ઘાતકી હત્યા કરી દેવામાં આવી હતી. જનતાના જનાદેશને ધ્યાનમાં લઈને જમ્મુ કાશ્મીરમાં પીડીપીની સાથે સરકાર ચલાવવાનો નિર્ણય ભાજપે કર્યો હતો તેમ જણાવીને ભાજપના નેતા રામ માધવે કહ્યું છે કે, સહમતિ સાથે હવે સમર્થન પરત લઈ લેવામાં આવ્યું છે. ગઠબંધન આગળ વધે તેવી સ્થિતિમાં ન હતું. બીજી બાજુ અન્ય રાજકીય પક્ષોએ પણ પોતપોતાની પ્રતિક્રિયા આપી છે. રામ માધવે ઉમેર્યું હતું કે, રાજ્યમાં આતંકવાદી હિંસાઓ

● અનુસંધાન પાન-૭ પર

શ્રીનગર,તા. ૧૯

જમ્મુ કાશ્મીરમાં વધતા જતાં ત્રાસવાદી હુમલા, પથ્થરબાજીની ઘટનાઓ અને સરહદ ઉપર અવિરત ગોળીબારના દોર વચ્ચે ભાજપે આજે પીડીપી સરકારને પોતાનું સમર્થન પરત લઈ લીધું હતું. આની સાથે જ રાજ્યના છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહેલા ભાજપ અને પીડીપી વચ્ચેના ગઠબંધનનો અંત આવી ગયો હતો. મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીના નેતૃત્વમાં પીડીપી અને ભાજપ સરકાર છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહી હતી પરંતુ આજે ગઠબંધનનો અંત આવ્યો હતો. જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીએ રાજ્યપાલ એનએન વોરાને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. પીડીપી સાથે




ગઠબંધનનો અંત લાવવાની ભાજપે જાહેરાત કરી હતી. પત્રકાર પરિષદ યોજીને ભાજપના જનરલ સેક્રેટરી રામમાધવે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં તેની ગઠબંધન સરકાર સાથે ચાલવાની બાબત ભાજપ માટે ખુબ જ મુશ્કેલરુપ બની ગઈ હતી જેથી અમે ટેકો પાછો ખેંચી લીધો છે. ભાજપના નેતાએ કહ્યું હતું કે, આતંકવાદ, હિંસા અને કટ્ટરવાદમાં વધારો થઈ રહ્યો છે. નાગરિકોના મૂળભૂત અધિકારો ખીણમાં મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. સુજાત બુખારીની હત્યા પણ એક દાખલા તરીકે છે. તેમણે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીર સરકારમાં ભાજપના તમામ મંત્રીઓ રાજીનામુ આપી રહ્યા છે. રાજ્યમાં ગવર્નર રુલની માંગણી ભાજપ તરફથી કરવામાં આવી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે,

● અનુસંધાન પાન-૭ પર

### સત્તા માટે સરકાર બનાવી ન હતી : મહેબુબા મુફ્તી

**૧૧ હજાર યુવાનો સામે કેસ પરત ખેંચાયા : ગઠબંધનની રચના મોટા ઇરાદા સાથે થઇ હતી : મહેબુબા**



શ્રીનગર, તા. ૧૯

મુખ્યપ્રધાન પદેથી રાજીનામુ આપી દીધા બાદ પીડીપી નેતા મહેબુબા મુફ્તીએ પત્રકાર પરિષદ યોજીને પોતાની રજૂઆત કરી હતી. મહેબુબાએ કહ્યું હતું કે, મુફ્તી સાહેબે મોટા વિઝન સાથે ભાજપ સાથે ગઠબંધનની રચના કરી હતી. તેમણે કહ્યું હતું કે, તેઓ ભાજપના આ નિર્ણયથી ખુબ જ આશ્ચર્યચકિત છે. અમે સત્તામાં રહેવા માટે ગઠબંધન કર્યું ન હતું. આ ગઠબંધનના અનેક મોટા ઉદ્દેશ્યો હતા. યુદ્ધવિરામ, વડાપ્રધાનની પાકિસ્તાન યાત્રા, ૧૧ હજાર યુવાનોની સામે કેસ પરત ખેંચવામાં આવ્યા હતા. આ ગાળા દરમિયાન મુફ્તીએ કહ્યું હતું કે, તેઓ રાજ્યપાલને રાજીનામું સોંપી ચુક્યા છે. અમે અન્ય કોઈ ગઠબંધન તરફ વધી રહ્યા નથી. મુફ્તીએ કહ્યું હતું કે, બંને પાર્ટીઓને એક સાથે કામ કરવા માટે માહોલ

● અનુસંધાન પાન-૭ પર

### કેન્દ્ર સરકાર જ જવાબદાર : ગુલામ નબી

શ્રીનગર, તા. ૧૯

જમ્મુ કાશ્મીરમાં પીડીપી-ભાજપ વચ્ચે ગઠબંધનનો અંત આવી ગયા બાદ કોંગ્રેસ તરફથી વરિષ્ઠ ગુલામ નબી આઝાદે પોતાની પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર મોટાપાયે કરવામાં આવ્યો હતો. જંગી પૈસા બનાવવામાં આવ્યા હતા. હવે ગઠબંધન તોડી દેવામાં આવ્યું છે.



કેન્દ્ર સરકારને સંપૂર્ણપણે આના માટે તેઓ જવાબદાર ગણે છે. ગુલામ નબીએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરને બરબાદ કર્યા બાદ પોતાની જવાબદારીથી હવે ભાગી શકાય નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ સરકારના ગાળા દરમિયાન સૌથી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ થયો હતો. સૌથી વધુ સૈનિકો શહીદ થયા હતા.

### કેજરીવાલનું ધરણા પ્રદર્શન સમેટાયું

**મંત્રીઓ દ્વારા બોલાવેલી બેઠકમાં અધિકારી હાજર : કેજરીવાલે રાજનિવાસ નવ દિવસ ધરણા પ્રદર્શન છોડતા વિવાદનો અંત : અધિકારીઓ સાથે વાત કરવાનો આદેશ**

નવીદિલ્હી, તા. ૧૯

દિલ્હીમાં આઈએએસ અધિકારીઓ દ્વારા સરકારી બેઠકોમાં સામેલ હોવાના નિર્ણય બાદ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે એલજી હાઉસ ઉપર છેલ્લા નવ દિવસથી ચાલી રહેલા ધરણા પ્રદર્શનનો અંત આણ્યો હતો. નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ કહ્યું હતું કે, મંત્રીઓ દ્વારા આજે બોલાવવામાં આવેલી બેઠકમાં મુખ્ય સચિવ સહિત તમામ ટોચના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. કેજરીવાલ પોતાના મંત્રીમંડળના સાથી ગોપાલરાયની સાથે રાજનિવાસમાં નવ દિવસથી ધરણા પ્રદર્શન કરી રહ્યા હતા. આજે કેજરીવાલે રાજનિવાસ છોડી દીધો હતો. આઈએએસ અધિકારીઓને તેમની સરકારની બેઠકમાં સામેલ થવાની માંગ કરવામાં આવી હતી. આ માંગને લઈને અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદિયા, મંત્રી સત્યેન્દ્ર જૈન અને ગોપાલ રાય ૧૧મી જૂનથી રાજનિવાસમાં ધરણા પ્રદર્શન કરી રહ્યા હતા. ધરણા બાદ

● અનુસંધાન પાન-૭ પર

### ભારત-પાક.નાં સંબંધમાં ત્રીજા દેશની દખલ મંજૂર નથી : વિદેશ મંત્રાલય

ન્યુ દિલ્હી,તા.૧૯

ભારતે ચીનના રાજદૂત લુ ઝાઓહુઈના તે પ્રસ્તાવને નકારી કાઢ્યો છે જેમાં તેમણે પાકિસ્તાન સાથે વાતચીત માટે ત્રીજા પક્ષને સામેલ કરવાની સલાહ આપી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે કહ્યું કે ભારત અને પાકિસ્તાનની વચ્ચે સંબંધ સંપૂર્ણપણે દ્વિપક્ષીય છે અને તેમાં કોઈપણ પ્રકારની ત્રીજા દેશની દખલ મંજૂર નથી. લુઓએ કહ્યું- શાંઘાઈ સહયોગ સંગઠનથી અલગ ભારત-પાકિસ્તાન અને

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### એર ઈન્ડિયા હવે નહી વેચાય

દેવાના ભારે બોજ હેઠળ દબાયેલી સરકારી એરલાઈન એર ઈન્ડિયાના ડિસઈન્વેસ્ટમેન્ટ પ્લાનને અટકાવી દેવાયો છે. એર ઈન્ડિયાને ફંડ આપી ચાલુ રાખવામાં આવશે.

### ૧૨ લાખની નોટો ઉંદરો કોતરી ગયા

અસમના તિનસુકિયા જિલ્લામાં ઉંદરોએ અલગ જ પ્રકારની નોટબંધી કરી હતી. ઉંદરોએ એસબીઆઈના એટીએમની અંદર ૧૨ લાખ રૂપિયાની નોટો કાતરી નાંખી હતી. ઉંદરોએ ૫૦૦ અને ૨૦૦૦ રૂપિયાની નોટોને બરબાદ કરી દીધી હતી.

### દિલ્હી જતી એર એમ્બ્યુલન્સનું ક્રેશ લેન્ડિંગ

પટણાથી દિલ્હી જતી એર એમ્બ્યુલન્સનું ખેતરમાં ક્રેશ લેન્ડિંગ કરાવવુ પડ્યુ હતુ. એન્જિન ફેઈલ થતાં ક્રેશ લેન્ડિંગ કરાયું હતું.

### આસારામ-નારાયણ સાઈ મુશ્કેલીમાં

આસારામના પુત્ર નારાયણ સાઈની પત્નિએ પોતાના સસરા અને પતિ પર ગંભીર આરોપ લગાવી પોલીસ ફરિયાદ નોંધાવી છે. માનસિક ત્રાસના આરોપો મુકી નારાયણ સાઈની પત્નિ જાનકીએ મધ્યપ્રદેશના ખજરાના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પિતા-પુત્રની મુશ્કેલીઓ વધી છે.

### આલીયા ભટ્ટ ઈજાગ્રસ્ત



બોલીવુડ અભિનેત્રી આલિયા ભટ્ટને શુટીંગ દરમ્યાન અકસ્માત નડ્યો છે. 'કલંક'ના સેટ પર આલિયા ભટ્ટ સીડી પરથી પડી જતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની છે. જેના કારણે બે ફિલ્મોનું શુટીંગ હાલ પુરતુ અટકાવી દેવાયું છે.

### લખનૌ સ્ટેશન પાસે હોટેલમાં ભીષણ આગમાં પાંચ ભડથુ




લખનૌ,તા. ૧૯

ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌમાં આજે વહેલી સવારે એક ખાનગી હોટેલમાં ભીષણ આગ ફાટી નિકળતા ઓછામાં ઓછા પાંચ લોકો બળીને ભડથુ થઈ ગયા હતા. ચારબાગ રેલવે સ્ટેશનથી આશરે ૨૦૦ મીટરના અંતરે સ્થિત આ હોટેલમાં આગ ફાટી નિકળી હતી. આગમાં કેટલાક લોકો દાઝી પણ ગયા છે. જે પૈકી કેટલાક ગંભીર પણ છે. સવારે લાગેલી આગના કારણે અનેક લોકો હોટેલમાં ફસાઈ ગયા હતા. આગ બાદ ફાયર બ્રિગેડનો કાફલો તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. કેટલાક લોકોને બચાવી પણ લેવામાં આવ્યા હતા. દાઝી ગયેલા લોકો પૈકી પાંચે હોસ્પિટલમાં દમ તોડી

● અનુસંધાન પાન-૭ પર

### મુંબઈ-જયપુર ફલાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

મુંબઈ,તા.૧૯

જયપુરથી મુંબઈ જનારી ઈન્ડિગોની ફલાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી છે. આ ધમકી પછી અધિકારીઓમાં હોબાળો મચી ગયો છે. જણાવવામાં આવી રહ્યું છે કે મંગળવારે વહેલી સવારે ઈન્ડિગો કોલ સેન્ટર પર ફોન દ્વારા જયપુર-મુંબઈ ફલાઈટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી મળી. જોકે, ત્યારબાદ સંબંધિત સુરક્ષા વિભાગના અધિકારીઓ આ બાબતની તપાસમાં લાગી ગયા છે.

ઈન્ડિગોએ પોતાના અધિકૃત નિવેદનમાં કહ્યું કે અમે તરત મામલાની જાણ બોમ્બ થ્રેટ એસેસમેન્ટ કમિટી (બીટીએસી)ને કરી અને તમામ સુરક્ષા પ્રોટોકોલનું પાલન કર્યું. સંબંધિત અધિકારીઓએ તપાસ કરી અને કોલને વિશિષ્ટ બોમ્બ ખતરા તરીકે જાહેર કરી દીધો. અધિકારીઓની મંજૂરી પછી જ ઓપરેશન્સ સામાન્ય રીતે ફરીથી શરૂ કરવામાં આવશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

